GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

# જ્યોજ ગ્રિર્યસન કૃત લિંગ્વિસ્ટિક્સ સર્વે ઓફ ઈન્ડિયા; ગ્રંથ પરિચય

**મહેન્દ્ર એમ.પરમાર**

રિસર્ચ સ્કૉલર, અનુસ્નાતક ગુજરાતી વિભાગ,

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર

મો-7698968970, Email: Mahindra22.parmar@gamil.com

---

જ્યોર્જ ગ્રિર્યસન દ્વારા ભારતીય ભાષા સર્વેક્ષણનું કામ કરવામાં આવ્યું. તેમનું આ કામ ઈ.સ.૧૮૯૮ થી ઈ.સ.૧૯૨૮ સુધીના સમયગાળા દરમિયાન ભારતીય ભાષાઓનું સર્વેક્ષણ કરીને અગિયાર (૧૧) જેટલા ગ્રંથોને વીસ (૨૦) જેટલા ભાગમાં વિભાજિત કરી ભારતીય ભાષાઓનું સર્વેક્ષણ કરી એક સંશોધન રૂપે આપણી સમક્ષ મૂકી આપ્યું છે. આ સર્વેક્ષણમાં તેમને ૫૪૪ જેટલી બોલીઓ અને ૩૬૪ જેટલી ભાષાઓનો અભ્યાસ આ સમયગાળા દરમિયાન કરવામાં આવ્યો હતો. ભાષા વિશે સર્વેક્ષણની માહિતી માટે તેમના આ પ્રસ્તાવને શરૂઆતમાં મંજૂરી મળી ન હતી,આથી બીજી વખત તેમાં સુધારો કરીને આ કામ કરનાર વ્યક્તિને કેટલું મહેનતાણું ચૂકવવામાં આવશે અને આ કામ કેટલા સમયગાળા દરમિયાન પૂર્ણ કરવામાં આવશે તેનો વિગતે ઉલ્લેખ કરવામાં આવ્યો અને ત્યારબાદ તેમના આ પ્રસ્તાવને સરકાર દ્વારા મંજૂરી મળી ગઈ હતી. ત્યારબાદ તેમનું આ કામ લગભગ ત્રીસ વર્ષ સુધી ચાલુ રહ્યું અને ઈ.સ.૧૯૨૮ના રોજ આ કામ સમાપ્ત થયું. અહીં ગ્રિયર્સન દ્વારા કરવામાં આવેલા દરેક ભાષા વિશેના ગ્રંથની માહિતી આપવાના એક નાનકડો પ્રાયસ કર્યો છે.

પ્રથમ ગ્રંથની શરૂઆતમાં તેમણે ભારતીય ભાષા વિશેના મંતવ્યો અલબિરુની,અમીર ખુશરો, અબુલ ફઝલ, ટેરી ફ્રાય, પેટ્રો ડેલા, સર વિલિયમ્સ, મેક્સ મૂલર જેવા વિદ્વાનોના મંતવ્યો દ્વારા આપી છે.આ ઉપરાંત પ્રાચીન ભાષાના ફિલોસોફી પરિણામો,આધુનિક ભાષાશાસ્ત્ર પરિણામો,દ્રવિડિયન ભાષા વિશેની માહિતી, ઇન્ડો-ચાઇનીઝ, લોંગન, ઑસ્ટ્રિક અને ઓસ્ટ્રો-એશિયાટિક ભાષા વિશે તેમજ ઈન્ડો-આર્યન ભાષા વિશેના આર.લીચ.સર, એકલીન પેરી, સ્ટીવન્સના મંતવ્યોનો ઉપયોગ કર્યો છે.

જ્યોર્જ કેમ્બલના ભાષાની સમજૂતી માટે બનાવવામાં આવેલા નકશાનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો છે તે વિશેની માહિતી આપવામાં આવી છે.આ ઉપરાંત ઈ.સ.૧૮૮૬માં વિયેનામા ભરાયેલી કોંગ્રેસની મિટિંગ, ત્યારબાદ તેમણે કરેલ ભારતીય ભાષા વિષયક સર્વેની સરળ જાણકારી,પોતના દ્વારા તૈયાર કરવામાં આવેલ ભાષાની યાદી,સ્થાનિક ભાષા વિશેના નામકરણ, ભેગા કરવામાં આવેલી જુદી જુદી બોલીઓના અને સમગ્ર નમૂનાઓનું સંપાદન કાર્ય આ સમગ્ર પ્રકારની માહિતીની જાણકારી તેમણે શરૂઆતના માહિતી નામક પહેલા ભાગમાં આપી છે.

ત્યારબાદ પ્રથમ ગ્રંથમાં તેમણે સર્વેક્ષણની કેટલીક મર્યાદાઓની વાત કર્યા બાદ ઈ.સ.૧૮૯૧ની વસ્તીગણતરી મુજબ જે આંકડા પ્રાપ્ત થાય તેને આંકડાઓને સર્વેક્ષણના આંકડાઓ સાથે સરખાવીને આપ્યા છે. આ ઉપરાંત કેટલી ભાષાઓ અને બોલીઓ છે તે વિશે પણ નોંધ્યું છે. ત્યારબાદ દ્વિતીયશાસ્ત્ર અને એથનોલૉજી, આદિજાતિઓની બોલી, જિપ્સી ભાષા તેમજ અન્ય જાતિઓના સ્થળાંતરણને કારણે બોલીઓ ઉપર જે પ્રભાવ પડ્યો છે, તેના વિશેની માહિતી તેમણે આ પ્રથમ ગ્રંથમાં વિસ્તૃતથી જણાવી છે.

ઑસ્ટ્રિક ભાષાકુળ નામના બીજા ગ્રંથમાં તેમણે મુખ્યત્વે પેટર ડબલ્યુ, સિમિકન દ્વારા ઑસ્ટ્રિક ભાષા વિશેના મંતવ્યો,ઑસ્ટ્રો-નેશન ભાષાનો વિસ્તાર, તેની સલોન બોલી,ત્યારબાદ ઑસ્ટ્રો-એશિયાટિક બંને વિશેની માહિતી, મુંડા ભાષાનો પરિચય, મુંડા ભાષામાં સમાવેશ પામતી ખેનાવર, સાંતાલી, મુંડારી, હો, કોરવા, કુરકું, ખરીયા, જુગ, સવાર વગેરે તેની બોલીઓ વિષેની માહિતી,અન્ય વિસ્તારમાં મુંડા ભાષાનો વ્યાપ કેટલા સુધી વિસ્તરેલો છે તેમજ મુંડા ભાષાનું નામ કેવી રીતે ઉપસી આવ્યું તેના વિશેની આ ગ્રંથમાં માહિતી આપી છે.

ખ્મેર અને મૉન નામના ત્રીજા ભાગમાં તેમણે મુખ્યત્વે ભાષાકુળ અને મૉન ભાષાકુળ વિશેની ચર્ચા આ ગ્રંથમાં કરી છે.આ ઉપરાંત આ બંને કુળોની ભાષા બોલનારોની સંખ્યા છે તે તેમણે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

ઈ.સ.૧૯૨૧ની વસ્તીગણતરી મુજબ પણ સરખાવી આપી છે. આ બંને ભાષાકુળની ભાષા અને બોલી તેના કયા કયા વિસ્તારમાં વધુ બોલે છે તે વિશેનો ઉલ્લેખ તેમણે આ ગ્રંથમાં ટૂંકાણમા આપ્યો છે.

તિબેટો-ચાઇનીઝ ભાષાકુળની વિગત તેમણે સર્વેક્ષણનાં ચોથા ગ્રંથમાં કરી છે.ત્રીજા ગ્રંથમાં જેવી રીતે વિગતોની રજૂઆત કરવાં આવી છે તેવી જ માહિતી આ ગ્રંથમાં કરવામાં આવી છે.આ ગ્રંથમાં તેમણે તિબેટો- ચાઇનીઝ ભાષા વિશેના વર્ગીકરણ કર્યા બાદ તિબેટો-ચાઇનીઝ ભાષાનું ઉદ્દ્ભવસ્થાન કયું છે? તે વિશેની માહિતી આપી છે.આ ભાષાકુળને તિબેટો-બર્મન અને સમ્સી–ચાઈનીઝ બે પેટાશાખામાં વહેચવામાં આવ્યું છે.આગળના ગ્રંથમાં જે રીતે તિબેટો-ચાઇનીઝ ભાષાકુળની વિગતો રજૂ કરવામાં આવી,તેના વિશે આ ગ્રંથમાં વિસ્તૃત તેમજ ઉંડાણ પૂર્વકથી માહિતી રજૂ કરવામાં આવી છે.આ ગ્રંથમાં તેમણે તિબેટો-બર્મન ભાષાની વિગતો સાથે-સાથે તેની મુખ્ય બે શાખા તિબેટો-હિમાલય શાખા અને આસામ-બર્મન શાખાનો અભ્યાસ કર્યો છે. આ બંને વિશેની માહિતી વિસ્તૃતરૂપે આપવામાં આવી છે.ત્યારબાદ સમ્સી અને ચાઇનીઝ ભાષાની વિસ્તારપૂર્વક નોંધ કરી છે.ઉપરાંત ઇન્ડો-ચાઇનીઝ ભાષાનો ખ્યાલ ઇતિહાસને ધ્યાનમાં રાખીને આપવવામાં આવ્યો છે.સાથે સાથે તિબેટો-ચાઇનીઝ ભાષાની લાક્ષણિકતાઓની માહિતી પણ અહીંયા તેમણે આપી છે.

સમ્સી અને ચાઇનીઝ ભાષાકુળની ચર્ચા તેમણે પાંચમા ગ્રંથમાં કરવામાં આવી છે.સમ્સી અને ચાઇનીઝ મુખ્યત્વે સીનીટિક અને તાઈ ગ્રુપ એમ બંને શાખામાં વહેચવામાં આવી છે.ત્યારબાદ તાઈ ગ્રૂપની સીમસે, લાઓ, લૂ અને ખૂઉન,ખામટી, ઇટોન અને શાન જેવી ભાષા વિશેની સમજૂતી તેમણે આ ગ્રંથમાં આપી છે.

તિબેટો- બર્મન ભાષાકુળના છઠા ગ્રંથમાં તેમણે તિબેટો-બર્મન ભાષાકુળનો પરિચય આપ્યા બાદ તેમાં સમાવેશ પામતી ત્રણેય શાખાઓ પરરસ્પર કેવા પ્રકારનો સંબંધ ધરાવે છે, તેના વિશેની

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

માહિતી આપી છે.ત્યારબાદ ત્રણેય શાખાઓમાંથી હિમાલય શાખાનો વિસ્તૃત પરિચય આપ્યો છે અને તેમાં સમાવેશ તિબેટીયન જુથ અને તેની ભાષાઓ તિબેટીયન,લોખે,હાં-જોંગ-કા,શારપા અને કગટે,લદાખી, બલ્ટી,પુરીક વગેરેનો પણ પરિચય આપ્યો છે.ઉપરાંત હિમાલયની બોલીઓ,તેમાંની બિન સર્વવ્યાપક ભાષા, તેની ગુરુંગ,મુરમી, સુનવર,માગરી અને નેવારી,બાંગ અથવા લેપચા જેવી બોલીઓનો પરિચય આપ્યો છે.ત્યારબાદ આ વિસ્તારમાં સર્વ પ્રકારે વિસ્તરેલી ભાષાઓનો પરિચય આપ્યો છે,મુખ્યત્વે આ સર્વવ્યાપક ભાષાઓને બે પ્રકારના જૂથમાં વહેચવામાં આવી છે.જેમાં ઉત્તરીય જૂથમાં બોલતી ભાષા અને બીજી પૂર્વી વિસ્તારમાં બોલાતી ભાષા વિશેનો પરિચય આપ્યો છે.તિબેટો-હિમાલયની શાખા વિશેનો પરિચય જેવી રીતે તેમણે આપ્યો છે, તેવી રીતે ઉત્તરીય ભાગોના વિસ્તારમાં બોલતી આસામ શાખા વિશેનો પરિચય આપ્યો છે.આ ઉપરાંત આ શાખામા સમાવેશ પામતી અંકા,ડલ્ફ઼ા,અબોર-મીરી, મીશ્મી, ચુલીકરા, ડીગારું, મીંજુ, જેવી બોલીઓ તેના ક્યાં-ક્યાં વિસ્તારમાં વિસ્તરેલી છે, તેના વિશેની માહિતી આપી છે.ત્યારબાદ ઉત્તરીય આસામ શાખા વિશેનો સામાન્ય પરિચય આપી સમગ્ર શાખાનો તેમજ તેમાં સમાવેશ પામતી ભાષા અને બોલીઓનો તેમણે પરિચય આપ્યો છે.અગાઉની શાખા વિશેનો જે રીતે પરિચય તેમણે આપ્યો છે,તેવી જ રીતે આસામ-બર્મન શાખાનો પણ પરિચય આપ્યો છે, તેમજ તેમાં સમાવેશ પામતાં જૂથો અને તેની ભાષાઓ વિસ્તારની દ્રષ્ટિએ અગાઉ શાખાઓ વિશે વાત કરવામાં આવી તેના કરતાં વધુ પ્રમાણમાં વિસ્તરેલી જોવા મળે છે.આ શાખામાં બોડો, નાગા, કચીન, કુકી-ચીન, બર્મા, લાઓ-માસો, સક, એમ સાત જેટલા જૂથોનો પરિચય અને સર્વેક્ષણ દરમિયાન આ જૂથોની બોલનારાઓની સંખ્યાના જે આંકડા પ્રાપ્ત થયા છે તેને તેમણે ઈ.સ૧૯૨૧ની વસ્તી ગણતરી સાથે સરખાવી આપ્યા છે.બોડો જૂથનો પરિચય તેમણે વિસ્તૃત રીતે આ ગ્રંથ આપ્યો અને તેની ભાષાઓ અને તેના બોલનારાઓની સંખ્યા પણ સર્વેક્ષણમા મૂકી આપી છે. આ ઉપરાંત કોચ, કોચારી, બારા અથવા બોડો જેવી ભાષાઓનો પરિચય તેમણે આપ્યો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

અગાઉ તિબેટો-બર્મન વિશે જે વાત કરવામાં આવી તેના વિશેની વધુ માહિતી અહીંયા તેમણે આપી છે. આ ગ્રંથમાં મુખ્યત્વે સાતેય જૂથો વિશેની વિસ્તૃત માહિતી આપવવામાં આવી છે.બોડો જુથની બોલીઓ વિશેની તેમણે માહિતી આપી છે.ત્યારબાદ નાગા જૂથમાં તેમણે પર્વતવિજ્ઞાન વિશેની માહિતી આપ્યા બાદ નાગા-બોડોમાં સમાવેશ પામતી ભાષા જેવી કે એપઓ, કબૂઈ,મખોઈરાઓનો પરિચય આપ્યો છે.પૂર્વીય પેટા જૂથોની બોલી તેની મુખ્ય લાક્ષણિકતાઓ તેમજ તેની બોલીઓ આગવાચક, ચીનગમેનગુ, ચાંગ, બનાપરા, મૂતોનીઆ, નાસાગીઆ, મોહસંગ, શાંગે જેવી બોલીઓ કયા વિસ્તારમાં પ્રયોજાય છે, તેના વિશેની આછી-પાતળી માહિતી તેમણે આપી છે, તેવી જ નાગા-કુકી પેટા જૂથમાં સમાવેશ થયેલી મિકીર, સોંપવોમાં, મારામ, મિયાંગખાંગ, કોઈરંગ, તાંગકુસ, પહાડાંગ, ખાંગોઈ, મારીંગ જેવી બોલીઓનો પરિચય આપ્યો છે.કાચીંન જુથ વિશે તેમણે વિસ્તૃત લખ્યું છે. તેવી જ રીતે કુકી-ચીન જુથ તેમજ સમાવેશ પામતી એકમાત્ર બોલીનો પણ પરિચય આપ્યો છે.જૂના કુકી-પેટા જૂથનો પણ તેમણે પરિચયની સાથે-સાથે તેની બોલીઓનો પણ અભ્યાસ કરી આપણી સમક્ષ મૂકી આપ્યો છે. ઉત્તરીય ચીની પેટા જુથ થાડૉ, સિકં, સીપીન,રાલ્ટે જેવી બોલીઓનો સમાવેશ છે. સમગ્ર રીતે છટ્ઠા ગ્રંથમાની વાત કરવામાં આવે તો એટલું કહી શકાય કે આ સર્વેક્ષણમાં તેમણે સાત જેટલા ભાષા જૂથોની અલગ અલગ બોલીનો અભ્યાસ કર્યો છે. તિબેટો-બર્મન પેટાશાખા નામના ગ્રંથમાં આસામ અને બર્મન શાખામાં સમાવેશ પામેલ તેમજ કુકી-ચીન જૂથના પેટા જૂથો જેવા કે ઉત્તરીય ચીની ગ્રુપ,બારમાં ગ્રુપ,લોળો મસો ગ્રુપ તેમજ દરેક ગ્રૂપમાં સમાવેશ પામેલી બોલીઓ વિશેનો પરિચય તેમજ પોતનાં સર્વેક્ષણમાં જે-તે બોલી બોલનારની સંખ્યા કેટલી હતી તે જણાવી ઇ.સ.૧૯૨૧ ની વસ્તીગણતરી સાથે સરખાવી આપી છે આ સિવાય પણ આ જુથની જે જુદી-જુદી બોલીઓ છે તે કયા-કયા વિસ્તારમાં બોલાય છે તેની પણ તેમણે વિસ્તારપૂર્વક માહિતી આપી છે.

દ્રવિડિયન ભાષાકુળ અને તેની બોલીઓ, ભાષાના સંદર્ભે આગાઉની શાખા વિશેની જે વાત કરવામાં આવી, તેના કરતાં આ ગ્રુપ તેના વિસ્તાર, ભાષા અને બોલીઓના કારણે અન્ય શાખાઓ કરતાં અલગ ઉપસી આવે છે. આ જૂથમાં તેમણે દ્રવિડિયન ભાષા બોલનારા લોકોનું મૂળ નિવાસ સ્થાન દ્રવિડિયન ભાષાઓનો એકબીજી ભાષા સાથેનો પરસ્પરનો સંબંધ કેવા પ્રકારનો ધરાવે છે તે પણ જણાવ્યું છે. ઉપરાંત દ્રવિડિયન ભાષાના સામાન્ય લક્ષણોની પણ વિગતે ચર્ચા કરવામાં આવી છે. આ બધી ચર્ચાઓ બાદ તેમણે દ્રવિડિયન જૂથની તમિલ અને તેની બોલીઓની ચર્ચાની સાથે સાથે તેના મૂળાક્ષરો, તેના સાહિત્યની વાત કરી છે. મલયાલમ ભાષા, કર્નોરેસે ભાષાની વાત કર્યા બાદ આ ભાષા વિશે લખનારા લોકો, આ ભાષાઓમાં કેવા પ્રકારનું સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે અને ત્યાં પ્રયોજાતી બોલીઓ વિશેની ચર્ચા તેમણે દ્રવિડિયન જૂથમાં કરી છે.આ ઉપરાંત કોડાગુ,ટુલું અને તેની બોલીઓ કોરાંગ,બેલારા, તોડા, કોકા જેવી બોલીઓ કયા- કયા વિસ્તારમાં બોલાય છે અને તેના બોલનારાઓની સંખ્યા કેટલી છે તે વિશેની ચર્ચા આ ગ્રંથમાં કરવામાં આવી છે. આ ઉપરાંત દ્રવિડિયન ભાષાકુળના મધ્યવર્તી જૂથની ચર્ચા કર્યા બાદ આ જૂથો સાથે સંકળાયેલી ઓજાહી,ગડ્ડુ, કોઈ, મારિયા, મલ્હાર જેવી બોલીઓની સાથે ભીલી અને બસ્સીય ભાષાઓનો અભ્યાસ કર્યો છે. આંધ્રપ્રદેશની ભાષા તેલુગુ તેમજ તેની બોલી અને તેનું સાહિત્ય કેવા પ્રકારનું છે તેની સાથે ઉત્તર-પશ્ચિમી વિશેના પણ થોડા અંશો સર્વેક્ષણ માધ્યમ દવારા મૂકી આપ્યા છે.

ઇન્ડો–યુરોપિયન નામના આઠમા ગ્રંથમાં તેમણે આર્યન પેટાશાખાઓનો અભ્યાસ કર્યો છે. આ ભાષાકુળનું મૂળ સ્થાન કયા આવેલું છે? તેમજ તેના બોલનારાઓની સંખ્યા તેમજ આર્યન-ભાષાનો મૂળ અર્થ કયો? તે વિશેની વાત કર્યા બાદ આર્યનની કેટલીક ભટકું પ્રજાતિઓ વિશે પ્રો.ઓ.સમચંદા અને પ્રો.પી.ગિલેસ દ્વારા જે મંતવ્ય આપવામાં આવ્યા હતા તે મંતવ્યો તેમણે સર્વેક્ષણમાં મૂકી આપ્યા છે. મુંડા ભાષાની પણ વાત કરવામાં આવી છે.સાથે-સાથે મુંડા જાતિના જે લોકો છે તેની ઉત્પત્તિ પણ જણાવી

એશિયાટીકના મૂળભૂત સિદ્ધાંત અને સાઈબેરિયાંના મૂળભૂત સિદ્ધાંતની ચર્ચા કરી છે.આ આર્યન પ્રજા વિકસિત થતાંની સાથે મુંડાના પ્રદેશોમાં કેવી રીતે પ્રસરતી જોવા મળે છે, તેની પણ ચર્ચા કરવાંમા આવી છે.આ ઉપરાંત ઇન્ડો-આર્યન અને ઈરાની ભાષાઓ વચ્ચે કેવા ભેદભાવ રહેલા છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.દાર્દીક અને ગલાચ્છા આગળ જતાં તેની અંબોરિજિસ સાથે કેવી રીતે મિશ્રણ થઈ જાય છે તેના વિશે જે માહિતી પ્રાપ્ત થઈ તે આ ગ્રંથમાં તેમણે મૂકી આપી છે.

ઈરાની શાખા નામના નવમા ગ્રંથમાં તેમણે ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ કેટલા વિસ્તારમાં ઈરાની ભાષા બોલાય છે તે વિશેની નોંધ આપ્યા બાદ પર્સિક અને મેડિકની વાત સાથે જૂના પર્સિયન, મધ્યમ પર્સિયન અને પર્સિયનની વિગતો નોંધી મેડિકની વિસ્તૃત ચર્ચા કરી છે.તેવી જ રીતે અહીં અફઘાનિસ્તાન અને બલુચિસ્તાન જેવા બે પેટાગૃપોની વાત તેમણે કરી છે.આ પેટાગૃપોની બોલીઓમાં બલોચિ, ઓરમાઇ, પશતો જેવી જુદી-જુદી બોલી વિશે તેમણે માહિતી આપી છે.અફઘાનિસ્તાન અને બલૂચિસ્તાન પેટા ગ્રુપની સાથે ગલાચ્છા પેટાગ્રૂપોની બોલીઓ વાંચી, સિંધની, ઇશકલક્ષ્મી, મુંજરી જેવી બોલીઓ તેના કયા કયા વિસ્તારમાં પ્રયોજાય છે તે વિશેની વાત તેમણે આ ગ્રૂપમાં નોંધી છે.

દાર્દીક અથવા પિચાશા નામના દસમાં ગ્રંથમાં તેમણે દાર્દીક અથવા પિચાશા શાખાની વિસ્તૃત નોંધ કરી છે. સાથે સાથે દાર્દીક નામકરણ દ્વારા તેમના પૂર્વજોએ કયો માર્ગ અપનાવ્યો તેની વાત કર્યા બાદ તેનું નામકારણ કઈ રીતે કરવામાં આવ્યું, તે જણાવી દાર્દસ અને પિસ્સોસ વિશે તેમણે ટૂંકાણમાં માહિતી આપી છે સાથે-સાથે દાર્દિસ્તાન વિસ્તારમાં દાર્દીક ભાષા કેટલી ઝડપથી ફેલાઈ રહી છે? ઉપરાંત દાર્દીક અથવા પિચાશા શાખામાં સમાવેશ પામતાં બે મહત્ત્વના ગૃપો કાફિર અને દાંડ ગ્રુપની વિસ્તૃત માહિતી તેમણે સર્વેક્ષણમાં નોંધી છે.અગાઉ જણાવેલ બંને ગ્રૂપમાંથી કાફિર ગ્રૂપમાં મુખ્યત્વે વાઇ, વરસી-વેરી, અસડુન્ડ, કલશ, ગવારબટી, ડીરી, પસી, તીરસી, વિશેની ખોવર ભાષા વિશે તેમણે વિસ્તૃત પૂર્વકની ચર્ચા કરી છે. દાંડ ગ્રુપની સીના, કાશ્મીરી જેવી બોળીઓની સાથે આ શાખામાં સમાવેશ થતી

કેટલીક અન્ય બોલીઓ વિશે પણ માહિતી આપી છે. ત્યારબાદ તેમણે આ શાખામાં જે વિવિધ જ્ઞાતિમાં વિસ્તૃત રીતે ફેલાયેલી છે.તેમાંથી કોહસ્તની, મઈપ, ગરી, તોરવાલી જેવી જાતિઓ વિશેની માહિતી આપવમાં આવી છે.

ગ્રિયર્સન દ્વારા ભારતીય ભાષા વિષયક જે સર્વેક્ષણ કરવામાં આવ્યું છે તેમા તેમણે ભારતની મોટાભાગની ભાષાઓ વિશેનું સર્વેક્ષણ કરેલું જોવા મળે છે.પરંતુ સૌથી વિશેષ સર્વેક્ષણ તેમણે જો કોઈ ભાષા વિશે કરેલું જોવા મળતું હોય તો તે ઇન્ડો-આર્યન શાખા નામના અગિયારમા ગ્રંથમાં છે.આ ગ્રંથની શરૂઆતમાં શાખા વિશે પ્રારંભિક પરિચય આપવામાં આવ્યો છે, જેમાં પ્રારંભિક બોલીઓ અને તેના વિશેના પુરાવા, અગાઉ અને પછીના સમયગાળા દરમિયાન જે લોકો દ્વારા સ્થળાંતર કરવામાં આવ્યું અને તેમાંથી જે સિદ્ધાંત અસ્તિત્ત્વમાં આવ્યા,ઉપરાંત મિડલેન્ડ અને આંતરિક તેમજ બાહ્ય પેટાશાખાઓ, ધ્વનિશાસ્ત્રની બે મહત્ત્વની વિગતો અને સયોજકો, આંતરિક ભાષાની ભૌગોલિક સ્થિતિ તેમંજ ઇન્ડો-આર્યન જૂથનું આધુનિક સમયમાં કેવું પરિણામ મળી રહે તે સર્વે બાબતોનો અહીયાં ફક્ત પરિચય આપ્યો છે.

બારમાં ગ્રંથમાં તેમણે જે આગળના ઇન્ડો-આર્યન નામક અગિયારમાં ગ્રંથમાં ફક્ત પરિચય આપ્યો હતો તેના વિશેની વિસ્તૃત માહિતી આ ગ્રંથમા આપી છે.આ ગ્રંથમાં મુખ્યત્વે આધુનિક સમયગાળા દરમિયાન આ ભાષાઓ કેવા પ્રકારનું સ્થાન ધરાવે છે,તે જણાવ્યા બાદ તેમણે પ્રથમ પ્રાકૃત, દ્વિતીય અને તૃતીય પ્રકારની પ્રાકૃત ભાષા એમ ત્રણ પ્રાકૃત ભાષાનો પરિચય કરાવી પ્રાકૃત ભાષા એકબીજામાંથી કઈ રીતે ઉતરી આવી છે તે જણાવ્યું છે,એટલું જ નહીં ઇન્ડો-આર્યન ભાષા વચ્ચેના સરહદી વિસ્તાર વચ્ચે કેટલું અંતર ધરાવે છે તે વિશે પણ તેમણે સર્વેક્ષણમાં નોંધ્યું છે. ઉપરાંત ત્રણેય પ્રાકૃત ભાષા વિશેનો પરિચય અને આ ત્રણેય ભાષામાંથી ઉપસી આવતી કેટલીક લાક્ષણિકતાઓ મૂકી આપી છે.ત્યારબાદ દ્વિતીય પ્રાકૃત ભાષાની બોલી વિશે તેમણે માહિતી આપી છે.તેમજ પ્રાકૃત ભાષાની

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

બોલીનું મહત્ત્વ, પ્રાકૃત ભાષાનો શ્રેષ્ઠ તબક્કો, પ્રાકૃત ભાષા, અપભ્રંશ ભાષાનું સાહિત્ય, સમગ્ર અપભ્રંશભાષાની બોલી, સાંસ્કૃતિક રીતે પ્રાકૃત ભાષાનો વિકાસ, તેમજ તત્સમ અને તદ્ભવ શબ્દો,દેશ્ય શબ્દો, તત્સમ અને તદ્ભવ શબ્દોનું આધુનિક સમયમાં સ્થાન વગેરેનો પરિચય કરાવ્યો છે.

ઈન્ડો-આર્યન ભાષાની અન્ય પેટા શાખાઓ નામના તેરમા ગ્રંથમાં લહંદા, સિંધી, મરાઠી ભાષાની ચર્ચાનો વિસ્તાર આગળ ધપાવ્યો છે. આ ગ્રંથમાં તેમણે પૂર્વી ગ્રૂપમાં સમાવેશ પામતી ઓરિયા ભાષાની ચર્ચા કરી છે. આ ભાષાનું નામ કઈ રીતે ઉપસી આવ્યું, ભાષાકીય દૃષ્ટિએ કેવી સીમા ધરાવે છે, તેની બોલીઓ, તેના સાહિત્ય વિશે લખનારા, બંગાળી ભાષાની અસર આ ભાષા ઉપર કેવી પડી અને કેવું સાહિત્ય આ ભાષામાં રચાયું તેની વિગતે ચર્ચા તેમણે ઓરિયા ભાષા વિશે કરી છે. ઓરિયા ભાષા નો પરિચય આપ્યા બાદ બિહારી ભાષાની ચર્ચા કરવામા આવી છે. મુખ્યત્વે આ ભાષા તેના પ્રદેશને આવરી લેતાં કયા-કયા પ્રાંતમાં બોલાય છે.તેની મુખ્ય ત્રણ બોલીઓ મૈથિલી, માગધી, ભોજપુરી વિશે વિસ્તૃત માહિતી આપી છે. તથા આ બોલીઓ બીજી અન્ય બોલીઓ સાથે કેવા પ્રકારનો સંબધ ધરાવે છે તે પણ નોંધ્યું છે, તે ઉપરાંત પરંપરાગત રીતે ચાલી આવેલી આ ભાષામાં વર્તમાન સમયમા તફાવત કેવો છે અને તેના સર્જક અને સાહિત્ય વિશે જણાવવામાં આવ્યું છે.ત્યારબાદ તેમણે બંગાળી ભાષાનો પરિચય આપ્યો છે. મુખ્યત્વે પશ્ચિમી બંગાળી અને પૂર્વી બંગાળી અને તેમાં સમાવેશ પામતી બોલીઓ, બંગાળી ભાષાની ઉચ્ચારણની વિશેષતા,તેનું સાહિત્ય તેમજ તેના વિશે લખનાર,તેવી જ રીતે અસામિયા ભાષાની આંગ બોલી, અસામિયાની બંગાળી સાથે તુલના, તેનું સાહિત્ય અને તેના વિશે લખનાર આમ સમગ્ર રીતે જોઈએ તો આ ગ્રંથમાં ઓરિયા, બિહારી, બંગાળી અને અસામિયા ભાષા વિશેનો પરિચય વિસ્તૃતથી આપ્યો છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ આધુનિક સમયમાં સંસ્કૃત ભાષાની કેવી અસર

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

પડી છે તેની વાત અહીંયાં વિસ્તાર પૂર્વક મૂકી આપી છે.સાથે-સાથે દ્રવિડિયન, મુંડા, ઇન્ડો ચાઇનીઝ, નોન ભારતીય ભાષાઓ ઉપર પ્રાકૃત ભાષાની અસર પડી છે તેના વિશેની વાત પણ કરવામાં આવી છે.

ચૌદમા ગ્રંથમાં તેમણે ઉત્તરીય તેમજ પૂર્વી ભાગોમાં ફેલાયેલા આ ભાષા વિષયકના ગ્રુપો વિશેની વાત કર્યા બાદ ઇન્ડો-આર્યન શાખાની લંહદા ભાષાની વિસ્તૃત જાણકારી આપી છે. તેમજ મુલતાની, હિંદકી, બહવાલપુરી, સિરકી, થલી, ખેતની, અવાંકી, આ ઉપરાંત બીજી કેટલીક બોલીઓ વિશે પણ સમીક્ષા કરી છે. પંજાબી ભાષા સાથે સરખાવી તેના સાહિત્ય અને સાહિત્યકારો વિશેનો પરિચય આપ્યો છે. લંહદા ભાષાની જે રીતે ચર્ચા કરવામાં આવી છે, તે જ રીતે તેમણે સિંધી ભાષા વિશે ચર્ચા કરી છે. સિંધી ભાષામાં તેની બોલીઓ, તેનું સાહિત્ય અને સાહિત્યકારો, ઐતિહાસિક દ્રષ્ટિએ સિંધી ભાષાનો ઉદ્ભવ  અને વિકાસ,ઉપરાંત વ્યાકરણ વિશેના અંતર્ગત ભૂતકાળમાં 'ઇ' પ્રત્યય લાગે છે. તે વિશેની ચર્ચા કચ્છી અને ગુજરાતી ભાષાના સંદર્ભને ધ્યાનમાં રાખીને કરવામા આવી છે. દક્ષિણી ભાષા તરીકે મરાઠી ભાષા વિશે ઉચ્ચારણગત વિશેષતા કેવા પ્રકારની છે, મરાઠી ભાષાનું શબ્દભંડોળ તેના વિશે લખનારા, મરાઠી ભાષાનું સાહિત્ય, તેની મુખ્ય બોલીઓ જેવી કે કાંકણ, કુણબી, નાગપુરી, કોંકણી, જેવી બોલી વિશેની માહિતી આપવાનો ઉપક્રમ આ ગ્રંથમાં તેમણે આપ્યો છે.

ઇન્ડો-આર્યન ભાષાની મધ્ય શાખાઓ નામના પંદરમા ભાગમાં તેમણે પશ્ચિમી હિન્દી ભાષાનો પરિચય આપ્યો છે. આ ઉપરાંત હિન્દી ભાષાનો વ્યાપક વિસ્તાર કેટલા સુધી ફેલાયેલો છે, તેના વિશે જણાવ્યું છે ત્યારબાદ હિન્દી ભાષાની અવાડી, બુંદેલી. છત્તીસગઢી, જેવી મુખ્ય બોલીઓ વિશેની ચર્ચા કર્યા બાદ અગાઉના સાહિત્યની ભાષાના પૂર્વશાખા કરતાં હિન્દી ભાષાનું સાહિત્યિક સ્થાન કેવા પ્રકારનું હતુ.અન્ય પ્રદેશોમાં હિન્દી ભાષા કયા બોલાય છે,ભાષાકીય દષ્ટિએ કેટલી સીમાઓ વિસ્તરેલી છે, ઉપરાંત મુખ્ય સિવાયના અન્ય સ્થાનોએ સ્થાનિક શાખા તરીકે કેવી રીતે ઉપસી આવી છે, તેની મુખ્ય

બોલી અવધિમાં કેવા પ્રકારનું સાહિત્ય સર્જાયું છે અને મોહમ્મદ મલેક અને તુલસીદાસ વિદ્વાનો દ્વારા હિન્દી ભાષા વિષયક તેમના વિચારોની તેમજ સમગ્ર બાબતોની આ ગ્રંથમાં ચર્ચા કરવામાં આવી.

ઇન્ડો-આર્યન શાખાની બીજી કેટલીક શાખાઓની વાત કરવામાં સોળમાં ગ્રંથમાં તેમણે કેન્દ્રીય અને પહારી જેવા બે જૂથો ધ્વારા સમગ્ર શાખા કેવી રીતે વિસ્તરેલી છે તેની વાત આ ગ્રંથમાં તેમણે કરી છે. ત્યારબાદ મુખ્ય જૂથનો પરિચય આપ્યા બાદ આ જૂથમાં મુખ્ય વ્રજભાષા, બુંદેલી, હિન્દુસ્તાની, આ બોલીઓની સાથે-સાથે તેના સાહિત્યની ચર્ચા કરવામાં આવી છે.પંજાબી ભાષાની પણ ચર્ચા કરવામાં આવી છે. તેમજ પંજાબી ભાષાની તુલનાએ જૂની પંજાબી ભાષા કેવા પ્રકારની હતી, ઉપરાંત તેની બોલીઓ, તેના વિશે લખનારા, ગુરૂમુખીના મૂળાક્ષરો, પંજાબી સાહિત્યનો 'શીખગ્રંથ' વિશેની ચર્ચા, તેમજ અન્ય વિસ્તારોમાં પંજાબી ભાષા કયા બોલાય છે, તેમજ સમગ્ર રીતે જોતાં આ ભાષાની મુખ્ય લાક્ષણિકતાઓ કેવી છે, તે સર્વે બાબતોની ચર્ચા કરી છે. તેમના ધ્વારા કરવામાં આવેલા આ સર્વેક્ષણમાં સૌથી મહત્ત્વની ચર્ચા તેમણે રાજસ્થાની અને ગુજરાતી ભાષા વિષયક કરેલા સર્વેક્ષણની છે.સૌ પ્રથમ તેમણે રાજસ્થાની ભાષાની મારવાડી, મુખ્ય અને પૂર્વીય વિસ્તારમાં આવેલી જયપુરી, હરિયાણવી, ઉત્તરી-પૂર્વીય મેવાડી, આહિરવાડી, ગુર્જરી તેમજ રાજસ્થાની ભાષાનું સાહિત્ય આ ભાષામાંથી ઉપસી આવતી તેની લાક્ષણિકતાઓ તેમજ તેના વિશે લખનારા, ઉપરાંત રાજસ્થાન સિવાયના ભારતના અન્ય કેટલાંક વિસ્તારોમાં પણ રાજસ્થાની ભાષા બોલાતી હશે તે વિશેની ચર્ચા રાજસ્થાની ભાષા વિશેના આ ગ્રંથમાં કરવામાં આવી છે. ગુજરાતી ભાષા વિશે તેમણે ગુજરાતી ભાષા તેના કયા વિસ્તારોમાં બોલાય છે, તેની બોલીઓ કયા પ્રકારની છે, ઐતિહાસિક દૃષ્ટિએ ભાષા ક્યાંથી ઉપસી આવી છે, તેનું સાહિત્ય અને તેના વિશે લખનારા વગેરેની ચર્ચા તેમણે ગુજરાતી ભાષા વિષયક કરી છે.આ ઉપરાંત મુખ્ય જૂથમાં સમાવેશ પામતી અન્ય બોલીઓ તરીકે ભીલી અને ખાનદેશીનો સમાવેશ થાય છે,તેમજ પહારી, ભાષા, પૂર્વીય પહારી અને નેપાળી તેમજ તેની બોલીઓ, તેના વિશે લખનારા, મુખ્ય પહારી, પશ્ચિમી પહારી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

બોલીઓ અને વિસ્તૃત માહિતી, બોલીમાં કેવા પ્રકારનું સાહિત્ય સર્જાયું છે,ઉપરાંત હિમાલય અને રાજસ્થાની બંને ભાષા વિશેની ચર્ચા તેમણે કરી છે.

સત્તરમાં ગ્રંથમાં તેમણે કેટલીક બીજી બોલીઓ વિશેની માહિતી આપી છે. મુખ્યત્વે તેમણે આ ગ્રંથમાં જિપ્સી ભાષા અને તેની બોલી આરગોરસની ચર્ચા કરી `છે. જિપ્સી બોલીમાં સમાવેશ પામતી તેની અન્ય પેટાબોલીઓ જેવી કે પેંધારી, ભમતી, બેલદરી, ઓડકી, લડી જેવી પેટા બોલીઓ તેના જુદા-જુદા વિસ્તારોમાં કેટલા અંશ સુધી વિસ્તરેલી છે,તે સમગ્ર બાબતોનો પરિચય ઉપરોક્ત જણાવેલી તમામ બોલીઓ વિશે માહિતી આપી છે.ત્યારબાદ જિપ્સી આરગોરસની મુખ્યત્વે જુદી-જુદી પ્રજાતિઓ વિશેની માહિતી આપવામાં આવી છે. આ પ્રજાતિઓમાં મુખ્યત્વે ચુંચરા, સસી, કોલ્હરી, ગારોડી, મચાનવાલે, કંજારી, નટી, ડોમ, માલાર, કસાઈ, સિકલગરી, ગુલગુલીયા, બસસ્કી,અડામાનેસે જેવી જુદી-જુદી જાતિઓ તેના કયા-કયા વિસ્તારમાં ફેલાયેલી છે અને આ જાતિઓ એકબીજા સાથેનો પરસ્પર કેવો સંબંધ ધરાવે છે તેની વિસ્તૃત ચર્ચા આ ગ્રંથમાં કરવામાં આવી છે.

ભારતીય ભાષાઓ વિશેનું જે સર્વેક્ષણ કરવામાં આવ્યું તે તમામ બાબતોનો નિષ્કર્ષ અથવા સાર તેમણે અઢારમા ગ્રંથમાં આપ્યો છે. આ ગ્રંથમાં તેમણે આધુનિક ભારતીય સ્થાનિકો વિશેની માહિતી આપી છે.આ સર્વેક્ષણમાં કેવા પ્રકારની ખામીઓ,અપૂર્ણતા,ધ્યન્યાત્મક અથવા ધ્વનિશાસ્ત્ર,સંદર્ભગ્રંથ, સર્વે માટે તૈયાર કરવામાં આવેલાં ગ્રામોફોન રેકોર્ડ્સ, યોગ્ય નામો વિશેની જોડણી, વ્યક્તિઓ અને તેમના સ્થાનો, પરિણામોની ચોકસાઇ, ઉપરાંત સમગ્ર માહિતીનો સરવાળો તેમજ તેમણે આ સર્વેક્ષણ દરમિયાન જે-જે વ્યક્તિઓ દ્વારા મદદ મળી તે બધાનો પરિચય તેમજ આભાર ગ્રંથના અંત ભાગમાં આપેલો છે.

### સંદર્ભ પુસ્તક


- Grierson, George Abraham, Linguistic survey of india, Voll (1 to 20), Edition 1916, India Reprint 2017, Publication; Kalpaz Publication, Delhi-110052